# GARVI GUJARAT

- ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે અને સૌથી મોટું શહેર અમદાવાદ છે જે ભારતનું મૈનચેસ્ટર કહેવાય છે. ગુજરાતની આંતરરાષ્ટ્રીય સીમા પાકિસ્તાન સાથે પણ જોડાયેલી છે.

- ગુજરાતની દરિયાઇ સીમા 1600 કિલોમિટર છે. ગુજરાતની ઉત્તર પૂર્વી સરહદ રાજસ્થાન તથા મધ્ય પ્રદેશ અને દક્ષિણ સીમા મહારાષ્ટ્ર સાથે જોડાયેલી છે.

- દાદરા અને નગર હવેલી પશ્ચિમમાં અરબ સાગર સ્થિત છે. ગુજરાતનું કુલ ક્ષેત્રફળ 1,96,024 વર્ગ કિલોમિટર છે અને અહીંની વસતી આશરે 6 કરોડ છે.

- ગુજરાતમાં 182 વિધાનસભા ક્ષેત્ર તેમજ 26 લોકસભા ક્ષેત્ર છે. રાજ્યસભા માટે 11 સભ્યોની ચૂંટણી ગુજરાતથી કરાય છે. દેશના વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી 14 વર્ષ સુધી ગુજરાતના મુખ્ય મંત્રી રહ્યા છે.

- ગુજરાતના ઇતિહાસ પર નજર કરીએ તો તે રસપ્રદ છે. ઈ.સ. લગભગ 2100 પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણ મથુરાથી દ્વારકા ગયા હોવાનું પ્રમાણ છે. સિંધુ ઘાટી સભ્યતા ધરાવતા લોથલ જેવા બંદર પણ ગુજરાતમાં જ સ્થિત છે.

- મૌર્ય ગુપ્ત તેમજ ગુર્જર પ્રતિહાર શાસકોએ અહીં શાસન કર્યું હતું તેમજ ગુર્જર પ્રતિહાર શાસકોના શાસનના લીધે તેનું નામ ગુજરાત પડ્યું.

- ગુજરાતે બહારના આંક્રાંતાઓના આક્રમણોનો પણ સામનો કરવો પડ્યો હતો અને પછી ચાલુક્ય શાસકોએ ગુજરાતને સમૃદ્ધશાળી બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

- ઔદ્યોગિક દૃષ્ટિએ સંપન્ન રાજ્ય હોવાના કારણે દેશના વિભિન્ન વિસ્તારો સાથે રાજ્યનો સંપર્ક પરિવહનના વિભિન્ન સાધનો દ્વારા થાય છે.

- અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે તો કંડલા આંતરરાષ્ટ્રીય બંદલ. કંડલા સિવાય 40 કરતાં વધારે અન્ય બંદર પણ ગુજરાતમાં સ્થિત છે.

- જ્યાંથી દેશના અન્ય વિસ્તારોમાં પણ પરિવહન થાય છે. રાજ્યના પ્રમુખ ઉદ્યોગોમાં નવીન ઉદ્યોગોનું પ્રમાણ વધારે છે જેમાં ખાતર અને ઉર્વરક એન્જિનિયરિંગ રસાયણ, પેટ્રો રસાયણ તેમજ ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ પ્રમુખ છે. તે રોજગારી ઉત્પન્ન કરવામાં અગ્રણી છે.

- રાજ્યમાં કૃષિ પણ મોટા પાયે કરવામાં આવે છે. સિંચાઈનું પ્રમુખ સાધન ભૂજળ અને સરદાર સરોવર પરિયોજના છે. પ્રમુખ પાકોમાં કપાસ, મગફળી, તમાકુ તેમજ અન્ય ખાદ્ય અને અનાજના પાકો છે. રાજ્યમાં વિભિન્ન ધર્મોના લોકો રહે છે.

- ગુજરાતની પ્રમુખ ભાષા ગુજરાતી છે. ગુજરાતીની સાથે જ હિંદી અને અંગ્રેજીનો પણ પ્રયોગ કરવામાં આવે છે. ગરબા તેમજ ડાંડિયા અને પ્રમુખ લોકનૃત્ય છે જે ગુજરાતની સંસ્કૃતિને વિશિષ્ટતા પ્રદાન કરે છે.

- ગુજરાતના પ્રમુખ મેળામાં તરણેતરનો મેળો, માધવરાયનો મેળો, મા અંબાનો મેળો તેમજ દ્વારકા અને ડાકોરનો મેળો પ્રસિદ્ધ છે. તે સિવાય પ્રમુખ તહેવારોમાં મકર સંક્રાતિ, ડાંગી દરબાર શામળાજી મેળો તેમજ ભાવનાથનો મેળો પણ યોજાય છે.

- ગુજરાતમાં પ્રાચીન સમયથી જ આશરે લગભગ 24 જેટલી જનજાતિઓ વસવાટ કરે છે. પ્રમુખ જનજાતિઓમાં ભીલ, કોળી, પટેલિયા, ડાફર અને ટોડિયા છે.